## પ્રકરણ : ૬

# 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલ : ઉદ્‌ભવ અને વિકાસ

- પૂર્વભૂમિકા
- 'આજ તક' અને અન્ય હિન્દી ન્યૂઝ ચેનલ : પ્રસારણ સંદર્ભે અભ્યાસ
- 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલનું સ્વરૂપ

# પ્રકરણ : ૬

# 'આજ તક'

# હિન્દી ન્યૂઝ ચેનલ : ઉદ્‌ભવ અને વિકાસ

## પૂર્વભૂમિકા :

'આજ તક' એ ભારતની ભૂમિ પરથી અપલિંક થતી પ્રથમ ભારતીય ખાનગી હિન્દી ન્યૂઝ ચેનલ છે. "અરુણ પુરીએ મીડિયામાં પોતાની શરૂઆત ઈ.સ. ૧૯૭૫માં 'ઇન્ડિયા ટુડે' નામનાં અંગ્રેજી સામયિકથી કરી હતી. આ સામયિક હવે હિન્દી, તામિલ, મલયાલમ, તેલુગુ ઉપરાંત આંતરરાષ્ટ્રિય આવૃત્તિઓમાં પ્રકાશિત થાય છે. ઈ.સ. ૧૯૮૮માં દેશમાં પ્રથમ વીડિયો મેગેઝિન 'ન્યૂઝ ટ્રેક'નો પ્રારંભ કરવાનો શ્રેય પણ આ સમૂહને મળે છે. મેગેઝિનની દુનિયામાં એક આગવું નામ ધરાવતાં 'ઇન્ડિયા ટુડે' સમૂહે ઈ.સ. ૧૯૯૫માં દૂરદર્શનની મેટ્રો ચેનલ પર 'આજતક' નામે એક સમાચાર કાર્યક્રમની શરૂઆત કરી હતી. વરિષ્ઠ પત્રકાર સુરેન્દ્ર પ્રતાપ સિંઘને 'આજ તક'ની જવાબદારી સોંપવામાં આવી. ટેલિવિઝનના પૂર્વ અનુભવ વિના સુરેન્દ્ર પ્રતાપ સિંઘે 'આજ તક'ના ઉદ્‌ઘોષકની જવાબદારી સંભાળી. રાત્રે દસ વાગે પ્રસારિત થતા અડધા કલાકનો આ કાર્યક્રમ હિંદી ક્ષેત્રમાં રાતોરાત લાખો લોકોનો મનગમતો કાર્યક્રમ બની ગયો."[૧] ૩૧ ડિસેમ્બર ૨૦૦૦ ના રોજ 'આજ તક' સ્વતંત્ર ૨૪ કલાકની હિન્દી ન્યૂઝ ચેનલ તરીકે પ્રસારિત થયું. 'આજ તક' ટીવી ટુડે નેટવર્કનો એક ભાગ છે, જેના ચેરમેન અરુણ પુરી અને સીઈઓ જી. કૃષ્ણન છે. 'આજ તક' ન્યૂઝ ચેનલના ન્યૂઝ ડિરેક્ટર વરિષ્ઠ પત્રકાર કમર

વહીદ નકવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'આજ તક' પ્રથમ ડિજિટલ પ્રસારણ કરતી ન્યૂઝ ચેનલ છે. પ્રસ્તુત પ્રકરણમાં 'આજતક' હિન્દી ન્યૂઝ ચેનલ સ્વરૂપની વિશેષતા અને સિદ્ધિઓનું વિવરણ આપવામાં આવ્યું છે, સાથે સાથે 'આજ તક' પરથી પ્રસારિત થતાં કાર્યક્રમો વિશે પણ એક સંક્ષિપ્ત વિહંગાવલોકન આપવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે, જેથી સમગ્રતયા 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલ વિશેની એક રૂપરેખા મળી રહે.

## ૬.૧ 'આજ તક' અને અન્ય હિન્દી ન્યૂઝ ચેનલ : પ્રસારણ સંદર્ભે અભ્યાસ

હિન્દી ટેલિવિઝન પત્રકારત્વ ક્ષેત્રે 'આજ તક'ના આગમનથી જ એક નવા યુગનો પ્રારંભ થાય છે. સુરેન્દ્ર પ્રતાપ સિંઘે પોતાનાં આગવા અંદાજથી 'આજ તક'ના રિપોર્ટિંગમાં દેશી ભાષા અને રૂઢિપ્રયોગોને સ્થાન આપ્યું, પરિણામે લોકોને પોતાની ભાષામાં સમાચાર મળતાં થયા. 'યે થી ખબરેં આજ તક, ઇંતજાર કીજીએ કલ તક'આ વાક્ય તો જાણે લોકજીભે વસવા માંડ્યું. અંગ્રેજી ભાષાની સરખામણીમાં હિન્દી ભાષાને ટેલિવિઝન પત્રકારત્વના વિશ્વમાં 'આજ તક' દ્વારા વિધિવત સ્થાપિત કરવામાં આવી. 'દૂરદર્શન'ની મેટ્રો ચેનલ પરથી રાત્રે પ્રસારિત થતો 'આજ તક'નો કાર્યક્રમ લોકહૈયે એવો વસી ગયો કે એણે સમાચારની લોકપ્રિયતાના તમામ શિખરો સર કરી લીધા.

એક સ્વતંત્ર હિન્દી ન્યૂઝ ચેનલ તરીકે 'આજ તક'નો પ્રારંભ ૩૧ ડિસેમ્બર ૨૦૦૦ ના રોજ થયો. આ સમયે હિન્દી ન્યૂઝ ચેનલ વિશ્વમાં 'ઝી સમૂહ' અને 'સ્ટાર સમૂહ'ની બોલબાલા

હતી. જોકે 'આજ તક' ટેલિવિઝન હિન્દી પત્રકારત્વમાં 'દૂરદર્શન'ના માધ્યમથી પગપેસારો કરી ચૂક્યું હતું. "ભારતીય ટેલિવિઝન પત્રકારત્વના સ્વરૂપને 'આજ તક'ના પ્રવેશે સંપૂર્ણ રીતે બદલી નાખ્યું. આ એક સંજોગ જ હતો કે 'આજ તક'ના પ્રારંભના સમયગાળા દરમિયાન કેટલીક એવી મોટી દુર્ઘટનાઓ ઘટી કે જેના ત્વરિત રિપોર્ટિંગે 'આજ તક'ને લોકપ્રિય બનાવવામાં સહાય કરી. જાન્યુઆરી ૨૦૦૧માં ગુજરાતમાં ભૂકંપ થયો. તદુપરાંત ઉનાળામાં નેપાળી રાજપરિવારમાં નર-સંહાર, પાકિસ્તાનથી આગ્રા શિખર વાર્તા, અમેરિકના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આતંકવાદી હુમલો અને ડિસેમ્બરમાં ભારતીય સંસદ પર આતંકવાદી હુમલો વગેરે મહત્ત્વપૂર્ણ ઘટનાઓ હતી. 'આજ તક'નું પ્રસારણ દિલ્હીથી થતું હતું, માટે પ્રત્યેક ઘટનાની તસવીરોને તે જલ્દીથી દર્શકો સુધી પહોંચાડી શક્યું, જ્યારે તે સમયે 'સ્ટાર ન્યૂઝ'નું સિંગાપુરથી અને 'ઝી ન્યૂઝ'નું હોંગકોંગથી પ્રસારણ કરવામાં આવતું હતું."[૨]

'આજ તક' માટે એક અન્ય ફાયદાકારક બાબત એ રહી કે "ઇ.સ. ૨૦૦૧માં 'ઝી ન્યૂઝ" પે ચૅનલ બની, જ્યારે 'આજ તક' દર્શકો માટે 'ફ્રી ટુ એર' જ રહી. પરિણામ એ આવ્યું કે લોંચ થયાના સાત મહિનામાં જ 'આજ તકે' દર્શક સંખ્યામાં અન્ય બે ચૅનલોને પાછળ રાખી દીધી. 'આજ તક'નું અગ્રેસર રહેવાનું એક મહત્ત્વપૂર્ણ કારણ તેની તેજ છબી - 'આજ તક' સબસે તેજ - અને આક્રમક માર્કેટિંગ રહ્યું. જૂની ફિલ્મો પર આધારિત તેની મનોરંજક જાહેરખબર અભિયાન 'બડા હી તેજ ચૅનલ હૈ યે' પણ ઘણું લોકપ્રિય રહ્યું. પોતાની બ્રાન્ડ છબી તેજ બનાવવા માટે 'આજ તકે' લાલ ચટક રંગનો પ્રયોગ કર્યો, સાથે જ મોટા ભાગની ઘટનાઓના

સીધા પ્રસારણે પણ તેમાં સારી એવી ભૂમિકા ભજવી. ટેક્નિકલ દૃષ્ટિકોણથી પણ 'આજ તક' દેશની પહેલી સંપૂર્ણ ડિજિટલ ન્યૂઝ ચેનલ હતી. 'આજ તકે' હળવા ડિજિટલ કેમેરા - Sony PD 175-, અતિ આધુનિક નોન લીનિઅર એડિટિંગ - Incite - અને ગ્રાફિક્સ સૉફ્ટવેર - Silicon -નો ઉપયોગ કરીને બિલકુલ નવા અંદાજમાં સમાચારોનું પેકેજિંગ કર્યું, જેને લોકોએ પસંદ કહ્યું. ઈ.સ. ૨૦૦૧માં ઇન્ડિયન ટેલિવિઝન એકેડમીએ 'આજ તક'ને સર્વશ્રેષ્ઠ ચેનલનો પુરસ્કાર આપ્યો. ૧ જાન્યુઆરીથી ૩૦ માર્ચ ૨૦૦૨ દરમિયાન 'આજ તકે' સમાચાર બજારમાં ૫૬ % જેટલો કબ્જો જમાવી લીધો હતો, જ્યારે 'ઝી ન્યૂઝ' ૨૨% સાથે બીજા સ્થાન પર અને 'સ્ટાર ન્યૂઝ' ૧૭% સાથે દર્શકોમાં ત્રીજા સ્થાન પર હતું. આ સમયગાળા દરમિયાન સમાચાર ચેનલોને મળનારી કુલ જાહેરખબરોને ૫૫% જેટલો હિસ્સો 'આજ તક' પાસે હતો."[૩]

પ્રારંભથી જ હિન્દી ન્યૂઝ ચેનલોના પ્રસારણ સંદર્ભે 'આજ તક' પોતાની ટેગ લાઇન મુજબ 'સબસે તેજ' રહ્યું છે. અને આમ "આજ તકે સિદ્ધ કરી આપ્યું કે સમાચાર ચેનલ પણ જાહેરખબરો દ્વારા કમાણી કરી શકે છે. આ પહેલાં એવું માનવામાં આવતું હતું કે માત્ર મનોરંજન ચેનલોથી જ આવક મળે છે અને સમાચાર ચેનલો હંમેશાં ખોટમાં જાય છે. પરંતુ 'આજ તક'ની લોકપ્રિયતાએ જાહેરખબર દાતાઓને પોતાની માન્યતા બદલવા વિવશ કરી દીધા. 'આજ તક' હિન્દી ટેલિવિઝન પત્રકારત્વની પાઠશાળા પણ સાબિત થયું. ઘણા પત્રકારો 'આજ તક'માં કામગીરી દરમ્યાન ટેલિવિઝન પત્રકારત્વ શીખીને અન્ય ચેનલોમાં ઊંચા હોદ્દા પર કામ કરવા લાગ્યા"[૪]

જેમકે, એક સમયે 'આજ તક' સાથે સંકળાયેલા પત્રકારોમાં આજે દિબાંગ (પૂર્વ સંપાદક, એન.ડી.ટી.વી. ઇન્ડિયા; વર્તમાનમાં સ્ટાર ન્યૂઝ), અલકા સકસેના (પૂર્વ સંપાદક, ઝી ન્યૂઝ), સંજય પુગલિયા (પૂર્વ સંપાદક સ્ટાર ન્યૂઝ; વર્તમાનમાં સંપાદક, સીએનબીસી અવાજ), આશુતોષ (સમાચાર સંપાદક, આઇબીએન સેવન), ઉદય શંકર (સીઇઓ, સ્ટાર ટીવી), દીપક ચોરસિયા (પૂર્વ કન્સલટિંગ એડિટર, દૂરદર્શન, વર્તમાનમાં વરિષ્ઠ પત્રકાર, સ્ટાર ન્યૂઝ), પુણ્ય પ્રસૂન બાજપાઈ (ઝી ન્યૂઝ) ઉલ્લેખનીય છે.

## ૬.૨ 'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલનું સ્વરૂપ

આગળ જોયું તેમ વાસ્તવમાં 'આજ તક'નો પ્રારંભ તો ૧૯૮૮માં 'ન્યૂઝ ટ્રેક' નામના માસિક કાર્યક્રમથી થયો હતો. ૧૯૯૪માં તેણે 'સ્ટાઇલ ટુડે' નામક અડધા કલાકના સાપ્તાહિક કાર્યક્રમનો આરંભ કર્યો. ૧૯૯૫થી, 'દૂરદર્શન'ની મેટ્રો ચેનલ ઉપરથી ૨૦ મિનિટનું હિન્દી ન્યૂઝ બુલેટિન 'આજ તક' પ્રસારિત કરવું શરૂ કર્યું. જયારે, ૧૯૯૬માં 'ગૂડ મોર્નિંગ ટુડે' તથા 'સાપ્તાહિક આજ તક' તો દર્શકો સમક્ષ મૂક્યાં જ પરંતુ, 'આપ કી સરકાર' નામક એક ખાસ ચૂંટણી કાર્યક્રમ ૧૯૯૬ની ચૂંટણી સમયે રજૂ કરી તેની રાજકીય વિશ્લેષણ શક્તિ પણ દર્શાવી હતી. ૧૯૯૭-૧૯૯૮ દરમિયાન ૧૯૯૭માં 'બિઝનેસ આજ તક' અને ૧૯૯૭નાં કેન્દ્રીય અંદાજપત્ર પ્રસારિત કરવા સાથે તે ઉપર તજજ્ઞો દ્વારા ચર્ચા રજૂ કરી વધુને વધુ દર્શકો આકર્ષ્યા. આ ઉપરાંત, તે વર્ષે જ તેણે 'સુબહ આજ તક', 'ગાંવ આજ તક', 'આજ કી નારી' અને 'આજ કા એજન્ડા' જેવાં અનેકવિધ કાર્યક્રમો શરૂ કર્યા.

'આજ તક'ને ૧૯૯૮ની લોકસભાની ચૂંટણીઓનાં કવરેજ અને વિશ્લેષણોએ સારો એવો દર્શક વર્ગ મેળવી આપ્યો તે નિર્વિવાદ છે. આ કાર્યક્રમનું નામ હતું 'આપ કા ફેંસલા'. આ ઉપરાંત તે વર્ષે જ તેણે, 'આર્થિક સર્વેક્ષણ' તથા 'કર્ટન રેઇઝ ટુ બજેટ' તથા વિવિધ વિધાનસભાઓની ચૂંટણીઓ વિશે આપેલાં સર્વેક્ષણો અને વિશ્લેષણો પણ 'દર્શક-પ્રિય' બની રહ્યાં.'આજ તક' હિન્દી ન્યૂઝ ચેનલનાં 'સીધી બાત', 'વિશેષ', 'મુંબઈ મેટ્રો', 'સાસ બહુ ઓર બેટિયાં', 'મૂવી મસાલા', 'આજા હંસ લે', 'સ્પેશિયલ રિપોર્ટ', 'તેજ ખબરેં' અને 'વારદાત' તેમજ સમયાંતરે પ્રસારિત થતાં રાષ્ટ્રિય-આંતરરાષ્ટ્રિય કાર્યક્રમો ઉપરાંત જીવનશૈલી, ઉદ્યોગ, મનોરંજન, રમતગમત વિષયક કાર્યક્રમો દર્શકોની વિશેષ પસંદ બની રહ્યા છે, જેની સંક્ષિપ્ત વિગતો આ મુજબ છે.[૫]

**૧. ધર્મ :**

સોમવારથી શુક્રવાર બપોરે ૩.૩૦ કલાકે પ્રસારિત થતા આ ત્રીસ મિનિટના ફીચર આધારિત કાર્યક્રમમાં વિભિન્ન ધર્મો સાથે જોડાયેલી સકારાત્મક બાબતોની ચર્ચા કરવામાં આવે છે. ધર્મ કાર્યક્રમનો ઉદ્દેશ એ છે કે દર્શકો વાર્તાના માધ્યમથી આધ્યાત્મિકતાને અનુભવી શકે. આ કાર્યક્રમમાં ધર્મના વિભિન્ન દર્શનો અને તેને સંબંધિત આધ્યાત્મિક બાબતોની ચર્ચા કરવામાં આવે છે.

**૨. મૂવી મસાલા :**

રવિવારથી શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે 'આજ તક' પરથી પ્રસારિત થતાં આ કાર્યક્રમમાં

બોલિવૂડની ખબરો અને ગોસિપ હોય છે. આ કાર્યક્રમ દર્શકોને બોલિવૂડના તાજા સમાચારોની સાથે સાથે નવી પ્રદર્શિત થનારી ફિલ્મો વિશેનાં મંતવ્યો અને સમીક્ષા પણ પૂરી પાડે છે. એક સ-રસ કાર્યક્રમ રૂપે તે માયાનગરીની અંદરની ખબરો સાથે રૂબરૂ કરાવે છે.

**૩. સીધી બાત :**

રવિવારે રાત્રે ૮.૦૦ કલાકે 'આજ તક' પરથી પ્રસારિત થતો આ સાપ્તાહિક કાર્યક્રમ ભારતીય ટેલિવિઝન અકાદમી દ્વારા આપવામાં આવતા 'સર્વશ્રેષ્ઠ ટોક શો હોસ્ટ' નામના પુરસ્કારથી પણ સન્માનિત છે. 'સીધી બાત' માત્ર એક પ્રકારનો ખાસ કાર્યક્રમ જ નથી, પરંતુ તમામ સમાચાર ચૅનલો પરથી પ્રસારિત થતા સર્વશ્રેષ્ઠ મુલાકાત આધારિત કાર્યક્રમોમાંનો એક છે. કોઈ પણ પ્રકારના ભય અને પક્ષપાતથી પર એવો આ કાર્યક્રમ હિન્દી સમાચાર ચૅનલોમાં સ્વયં એક અનોખી શરૂઆત છે.

**૪. સ્પેશ્યલ રિપોર્ટ :**

સોમવારથી શનિવારે રાત્રે ૮.૦૦ કલાકે પ્રસારિત થતો 'સ્પેશ્યલ રિપોર્ટ' 'આજ તક'નો એક દૈનિક કાર્યક્રમ છે, જેમાં કોઈ ખાસ ઘટના એને તેની સાથે સંબંધિત મુદ્દાઓ પરની પરિચર્ચા થાય છે. આ કાર્યક્રમમાં એ દર્શાવવાની કોશિષ કરવામાં આવે છે કોઈ ઘટના કેવી રીતે ઘટી. તેમાં ઘટના સાથે સંકળાયેલાં વિભિન્ન પાસાંઓને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ કાર્યક્રમ એન્કર દ્વારા કોઈ પણ વિષય પરના વિશિષ્ટ અભિગમ પર આધારિત છે, જેમાં દેશ સાથે સંબંધિત મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થતી રહે છે. આ કાર્યક્રમની પરિકલ્પના તમામ ચૅનલોથી અલગ અને વિશિષ્ટ છે.

**૫. મુંબઈ મેટ્રો :**

સોમવારથી ગુરુવારે રાત્રે ૧૧.૩૦ કલાકે પ્રસારિત થતો 'મુંબઈ મેટ્રો' કાર્યક્રમનું 'આજ તક' પર સીધું મુંબઈથી પ્રસારણ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં મુંબઈ મહાનગર સાથે સંકળાયેલી પ્રત્યેક નાની-મોટી ખબરો દર્શાવવામાં આવે છે. આ કાર્યક્રમ દર્શકોને વર્તમાનમાં ઘટતી ઘટનાઓથી અવગત કરાવે છે. આ કાર્યક્રમ કદી ન સૂતા આ મહાનગરના લોકો પર ચાંપતી નજર રાખે છે.

**૬. દેશ-પ્રદેશ :**

સોમવારથી શુક્રવારે સાંજે ૭.૦૦ કલાકે પ્રસારિત થતો આ કાર્યક્રમ દેશ-પ્રદેશના પ્રાદેશિક સમાચારો આધારિત ન્યૂઝ બુલેટિન છે. આ વિશિષ્ટ કાર્યક્રમમાં દરેક ક્ષેત્રના સમાચારોને સારી રીતે સંકલિત કરવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પોતાના દર્શકોને પ્રાદેશિક ક્ષેત્રોમાં ઘટતી ઘટનાઓથી માહિતગાર કરવાનો છે. આ કાર્યક્રમમાં ક્ષેત્રીય સમુદાયોની દૈનિક સમસ્યાઓને સામાજિક અને ભાવનાત્મક પાસાં સાથે તેમજ દેશ પર પડતા તેના પ્રભાવના વિસ્તૃત વિશ્લેષણ સાથે રજૂ કરવામાં આવે છે.

**૭. સાસ બહૂ ઔર બેટિયાં :**

સોમવારથી રવિવારે બપોરે ૨.૩૦ કલાકે પ્રસારિત થતા આ કાર્યક્રમમાં નાના પડદે થતી પ્રત્યેક ગતિવિધિઓ સાથે દર્શકોને રૂબરૂ કરાવવામાં આવે છે. આ કાર્યક્રમ દર્શકોને વિભિન્ન ટેલિવિઝન ચેનલો પરથી પ્રસારિત થતા ધારાવાહિકો કે તેની સાથે સંકળાયેલા કલાકારો સંબંધિત

બાબતો જેમકે સેટ પર શું ચાલે છે ઇત્યાદિ બાબતોને દર્શકો સુધી પહોંચાડે છે.

**૮. ચક્કે પે ચક્કા :**

રવિવારે સાંજે ૪.૩૦ કલાકે પ્રસારિત થતા આ કાર્યક્રમ ગાડીઓ આધારિત છે. સામાન્ય રીતે 'ઓટો શોઝ'માં ખાસ્સી ભીડ રહે છે, જેથી ઘણા લોકો ઇચ્છા હોવા છતાં પણ તેમાં નથી જઈ શકતા. આવા લોકો માટે 'આજ તક'નો આ વિશેષ કાર્યક્રમ છે, જેમાં કાર અને મોટર સાયકલ સાથે સંબંધિત બાબતોની વિસ્તૃત જાણકારી આપવામાં આવે છે. આ કાર્યક્રમની પ્રકૃતિ યુવા અને ઉર્જાવાન હોય છે. આ કાર્યક્રમમાં એન્કર દર્શકોને વિભિન્ન કાર અને વાહન-જગત તેમજ મોટરસાયકલથી સંપૂર્ણ રીતે માહિતગાર કરાવે છે, સાથે સાથે કેમેરા દ્વારા કારની અંદર પણ લઈ જવામાં આવે છે, જેથી દર્શકોને કારની અંદરની જગા, એન્જિનના અન્ય ભાગો તેમજ એસેસરીઝની પણ જાણકારી થઈ શકે.

**૯. વારદાત :**

પ્રતિદિન રાત્રે ૧૧.૦૦ કલાકે પ્રસારિત થતા આ દૈનિક કાર્યક્રમ દેશની અપરાધ-ઘટનાઓનું વિશ્લેષણ કરે છે. અપરાધ કાર્યક્રમ આજકાલ ઘણા લોકપ્રિય થઈ રહ્યા છે. પ્રત્યેક એપિસોડમાં તથ્યોનું ઊંડાણપૂર્વક વિવેચન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ઘટનાનાં તથ્યો આધારિત નાટ્ય-રૂપાંતરણ હોય છે, જેથી દર્શકો ઘટનાને સારી રીતે સમજી શકે. કાર્યક્રમમાં વિભિન્ન અપરાધના મુદ્દાઓ પર પરિચર્ચા કરવામાં આવે છે. 'આજ તક'ના આ કાર્યક્રમને લોકો ખૂબ પસંદ કરે છે.

**૧૦. વિશેષ :**

પ્રતિદિન રાત્રે ૯.૩૦ કલાકે પ્રસારિત થતો આ કાર્યક્રમ 'આજ તક' પરથી લાંબા સમયથી પ્રસારિત થતા કાર્યક્રમોમાંનો એક છે. આ કાર્યક્રમમાં કોઈ એક સૌથી મહત્ત્વપૂર્ણ ઘટનાના તમામ પાસાંઓનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવે છે. આ કાર્યક્રમ ઘટના કેવી રીતે ઘટી એ દર્શાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં ઘટનાનું નાટ્ય-રૂપાંતરણ પણ બતાવવામાં આવે છે, જેથી દર્શકોના મનમાં ઘટનાની તસવીર બની શકે. આ કાર્યક્રમની રૂપરેખા અને નિર્માણ અત્યાધિક સંવાદપૂર્ણ અને અનૌપચારિક છે, જેથી મોટા ભાગનું એન્કરિંગ ઘટનાસ્થળે કરવામાં આવે છે. દેશભરમાં એક માત્ર આ પ્રકારનો કાર્યક્રમ 'વિશેષ' છે.

**૧૧. ૧૦ તક :**

સામાન્ય રીતે આજકાલની વ્યસ્ત જીવનશૈલીને કારણે લોકો દૈનિક સમાચારોથી રૂબરૂ થઈ નથી શકતા. આવી સ્થિતિમાં એક માત્ર એક એવા બુલેટિનની જરૂરિયાત છે, જે આપણને આખા દિવસની ખાસ ખબરો દ્વારા આપણને વિશ્વ સાથે સાંકળી રાખે. સોમવારથી શનિવારે રાત્રે૧૦.૦૦ કલાકે પ્રસારિત થતો આ કાર્યક્રમ 'દસ તક' આવો જ એક કાર્યક્રમ છે, જે માત્ર વિશ્વસનીય સમાચારો જ નથી પૂરો પાડતો પરંતુ સમાચારોનું વિસ્તૃત વિશ્લેષણ અને સમીક્ષા પણ પૂરા પાડે છે.

**૧૨. રવિવાર ૧૦ બજે :**

રવિવારે રાત્રે ૧૦.૦૦ કલાકે પ્રસારિત થતો ત્રીસ મિનિટનો આ સાપ્તાહિક કાર્યક્રમ

એક ચેટ શો છે, જેમાં બે એન્કર હોય છે અને એક જાણીતી હસ્તીને અતિથિ રૂપે આમંત્રિત કરવામાં આવે છે. આ કાર્યક્રમ વીતી ગયેલા સમાહના કોઈ વિવાદ અથવા મુદ્દાના વિભિન્ન પાસાંઓ પર પ્રકાશ પાથરે છે. આ કાર્યક્રમની ખાસ વાત એ છે કે દર્શક ફોન દ્વારા આ કાર્યક્રમ સાથે જોડાઈ આમંત્રિત મહેમાનને સીધો સવાલ કરી શકે છે. આ કાર્યક્રમનાં વાતાવરણને લાઇટ ઇફેક્ટ દ્વારા અતિ રોમાંચક અને પ્રભાવશાળી બનાવવામાં આવે છે.

* * *

'આજ તક'ને શરૂઆતમાં જ સર્વશ્રેષ્ઠ ન્યૂઝ ચેનલ' તરીકેનો ઍવોર્ડ મળ્યો. ઍવોર્ડ મેળવવાની આ પ્રક્રિયા ૨૦૦૧થી ૨૦૧૦ એમ સતત દસ વર્ષ સુધી અવિરત ચાલતી જ રહી છે, જે 'આજ તક' ન્યૂઝ ચેનલના સ્વરૂપની લોકપ્રિયતા છે. એક નજર ઍવોર્ડસ પર કરીએ.[૬]

૨૦૦૧માં 'ઇન્ડિયન ટેલિવિઝન એકેડમી' દ્વારા તેના સમાચાર માટે 'સર્વશ્રેષ્ઠ ન્યૂઝ ચેનલ' તરીકેનો ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને આ જ વર્ષમાં 'આજ તક'ના સીઇઓ જી. કૃષ્ણનને 'મીડિયા મીટ ઍવોર્ડ' અંતર્ગત 'મીડિયા પર્સન ઑફ ધ યીઅર' તરીકે નવાજવામાં આવ્યા.

૨૦૦૨માં આ જ વાતનું પુનરાવર્તન થયું અને 'ઇન્ડિયન ટેલિવિઝન એકેડમી' દ્વારા તેના સમાચાર માટે 'સર્વશ્રેષ્ઠ ન્યૂઝ ચેનલ' તરીકેનો ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને આ જ વર્ષમાં 'આજ તક'ના સીઇઓ જી. કૃષ્ણનને 'ઇન્ડિયન ટેલી ઍવોર્ડ' અંતર્ગત 'સીઇઓ ઑફ ધ યીઅર' તરીકે નવાજવામાં આવ્યા. વધુમાં આ વર્ષમાં 'આજ તક'ને 'સર્વશ્રેષ્ઠ કેમ્પેઈન

ઑફ ધ યીઅર - બ્લેક ઍન્ડ વ્હાઇટ ટીવીસી કેમ્પેઈન' માટે 'રાપા ઍવોર્ડ' મળ્યો.

૨૦૦૩માં પણ 'ઇન્ડિયન ટેલિવિઝન એકેડમી' દ્વારા તેના સમાચાર માટે 'સર્વશ્રેષ્ઠ ન્યૂઝ ચૅનલ' તરીકેનો ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને 'બ્લેક ઍન્ડ વ્હાઇટ ટીવીસી કેમ્પેઈન' માટે 'સર્વશ્રેષ્ઠ મીડિયા કેમ્પેઇન ઍવોર્ડ' મળ્યો. તદુપરાંત 'સર્વશ્રેષ્ઠ પબ્લિક સર્વિસ એનાઉન્સમેન્ટ' અંતર્ગત 'રોમિયો' વિજ્ઞાપન માટે 'પ્રોમૅક્સ ઍવોર્ડ' મળ્યો.

૨૦૦૪માં 'આજ તક' ને ચાર 'રાપા ઍવોર્ડ' મળે છે. એટલું જ નહીં 'ટીવી ટુડે નેટવર્ક'નો આંતરરાષ્ટ્રીય બિઝનેસ બ્રાન્ડમાં સમાવેશ થાય છે. 'સર્વશ્રેષ્ઠ મીડિયા કેમ્પેઇન ઍવોર્ડ' ઉપરાંત 'હીરો હોન્ડા આઇટીએ ઍવોર્ડ' પણ 'આજ તક'ને ફાળે જાય છે.

૨૦૦૫માં પણ 'ઇન્ડિયન ટેલિવિઝન એકેડમી' દ્વારા તેના સમાચાર માટે 'સર્વશ્રેષ્ઠ ન્યૂઝ ચૅનલ' તરીકેનો ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને 'આજ તક' 'સુપર બ્રાન્ડ' તરીકેનો ઍવોર્ડ' મેળવે છે. સતત પાંચ વર્ષ સુધી 'સર્વશ્રેષ્ઠ ન્યૂઝ ચૅનલ' તરીકેનો ઍવોર્ડ 'આજ તક'ને મળે છે એ નાનીસૂની વાત નથી.

૨૦૦૬માં સતત ચાર વર્ષ સુધી 'ઇન્ડિયન ટેલિવિઝન ટેલિ ઍવોર્ડ' 'આજ તક'ને મળે છે. 'મુદ્રિત' વિજ્ઞાપન માટે 'પ્રોમૅક્સ ઍવોર્ડ' મળે છે તો 'સુપર બ્રાન્ડ ઇન્ડિયા' 'આજ તક'ને 'સુપર બ્રાન્ડ' તરીકેનો ઍવોર્ડ' આપી નવાજે છે.

૨૦૦૭માં 'આજ તક'ના ચૅરમેન અરુણ પુરીને 'આઇટીએ ઍવોર્ડ'થી નવાજવામાં આવે છે. તદુપરાંત 'સેનસુઈ ઍવોર્ડ' પણ મળે છે.

૨૦૦૮માં પણ 'ઇન્ડિયન ટેલિવિઝન એકેડમી' દ્વારા તેના સમાચાર માટે 'સર્વશ્રેષ્ઠ ન્યૂઝ ચૅનલ' તરીકેનો ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને 'આઇટીએ ઍવોર્ડ' અંતર્ગત 'મોસ્ટ પોપ્યુલર હિન્દી ન્યૂઝ ચૅનલ'નો ખિતાબ પણ આપવામાં આવ્યો. વધુમાં 'ઇંડિઝ ઍવોર્ડ' પણ 'આજ તક'ને મળે છે.

૨૦૦૯માં 'વર્લ્ડ બ્રાંડ કૉંગ્રેસ' દ્વારા 'આજ તક'ને 'ગ્લોબલ ઍવોર્ડ ફોર બ્રાન્ડ એક્સેલન્સ' ઍવોર્ડ એનાયત કરવામાં આવે છે. 'ટીવી ટુડે' નેટવર્કને 'સર્વશ્રેષ્ઠ સીઇઓ' અને 'સર્વશ્રેષ્ઠ એડિટર ઇન ચીફ' તેમજ 'આઇએનબી ઍવોર્ડ' આપવામાં આવે છે. તદુપરાંત ચૂંટણી આધારિત કાર્યક્રમ 'સત્તા કા સેમીફાઇનલ'ને 'પ્રોમોક્સ ગોલ્ડ ઍવોર્ડ' એનાયત કરવામાં આવે છે.

૨૦૧૦માં અરુણ પુરીને 'લાઇફ ટાઇમ ઍવોર્ડ'થી અને 'આજ તક'ના પ્રચલિત કાર્યક્રમ 'સીધી બાત'ના પ્રસ્તુતકર્તા પ્રભુ ચાવલાને 'માઇલ સ્ટોન ઍવોર્ડ'થી નવાજવામાં આવે છે. તો 'ઇન્ડિયન ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ' અંતર્ગત 'આજ તક'ને પાંચ ઍવોર્ડ એનાયત કરવામાં આવે છે. 'નેનો લોન્ચ'ને 'સર્વશ્રેષ્ઠ ઓટો શો' તરીકેનો ઍવોર્ડ 'ઇન્ડિયન ટેલિવિઝન એકેડમી' દ્વારા આપવામાં આવે છે.

• • •

---

**સંદર્ભ-સૂચિ**


૧. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૧૯૪

૨. ડેગર, શાલિની, ટેલિવિઝન વૉર, હિન્દુસ્તાન ટાઈમ્સ, ૧૪ એપ્રિલ ૨૦૦૨

૩. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૧૯૫-૧૯૬

૪. સિંહ, ડૉ. દેવવ્રત, ભારતીય ઇલેક્ટ્રોનિક મીડિયા, પૃષ્ઠ-૧૯૬-૧૯૭

૫. aajtak.indiatoday.in

૬. aajtak.indiatoday.in